**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==================================================

**અમદાવાદ ખાતે ગુજરાતની વડી અદાલતમાં**

**આર/સ્પેશિયલ સિવિલ અપ્લિકેશન નં. ૯૦૮૬/૨૦૧૭**

**વિથ**

**આર/સ્પેશિયલ સિવિલ અપ્લિકેશન નં. ૯૦૮૭/૨૦૧૭**

**વિથ**

**આર/સ્પેશિયલ સિવિલ અપ્લિકેશન નં. ૯૦૮૮/૨૦૧૭**

**વિથ**

**આર/સ્પેશિયલ સિવિલ અપ્લિકેશન નં. ૯૦૮૯/૨૦૧૭**

**વિથ**

**આર/સ્પેશિયલ સિવિલ અપ્લિકેશન નં. ૯૦૯૦/૨૦૧૭**

**વિથ**

**આર/સ્પેશિયલ સિવિલ અપ્લિકેશન નં. ૧૩૭૮૯/૨૦૧૭**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી સી.એલ. સોની** સહી/-

==========================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક અખબારોના રીપોર્ટર્સને ચુકાદો જોવાની મંજૂરી છે? | ના |
| ૨ | રીપોર્ટરને મોકલવામાં આવે કે નહીં? | હા |
| ૩ | શું ન્યાયમૂર્તિઓ ચુકાદાની આખરી નકલ જોવા માંગે છે? | ના |
| ૪ | શું આ કેસમાં ભારતીય બંધારણ અથવા તે હેઠળ કરવામાં આવેલ કોઈ હુકમના અર્થઘટન અંગે કાયદાનો કોઈ નોંધપાત્ર પ્રશ્ન સમાયેલ છે? | ના |

==========================================================

**શશીકાંત વાસુદેવભાઈ પટેલ**

**વિરુદ્ધ**

**ગુજરાત રાજ્ય**

==========================================================

**સ્પેશિયલ સિવિલ અપ્લિકેશન નં. ૯૦૮૬ થી ૯૦૯૦/૨૦૧૭ માં ઉપસ્થિતિ:**

અરજદાર(ઓ) નં. ૧ માટે શ્રી શીતલ આર. પટેલ (૨૧૬૬)

સામાવાળા(ઓ) નં. ૧ માટે સુશ્રી નિશા ઠાકોર, એ.જી.પી.

સામાવાળા(ઓ) નં. ૧, ૨ માટે નોટિસ બજાવાયેલ(૪)

**સ્પેશિયલ સિવિલ અપ્લિકેશન નં. ૧૩૭૮૯/૨૦૧૭ માં ઉપસ્થિતિ:**

અરજદાર(ઓ) નં. ૧ માટે સુશ્રી તૃષા કે. પટેલ વકીલ

સામાવાળા(ઓ) નં. ૧ માટે સુશ્રી સંગીતા વિષેન, એ.જી.પી.

================================================================

**કોરમ: માનનીય ન્યાયમૂર્તિ શ્રી સી.એલ. સોની**

**તારીખ: ૧૦/૦૯/૨૦૧૮**

**<u>સંયુક્ત મૌખિક ચુકાદો</u>**

**૧.** આ પિટિશનોમાં, કોર્ટે એ નક્કી કરવાનું છે કે ધ ગુજરાત ટેનન્સી એન્ડ એગ્રીકલ્ચરલ એક્ટ, ૧૯૪૮ (ટૂંકમાં 'સદર અધિનિયમ') ની કલમ ૬૩એબી માં વપરાયેલ શબ્દ 'વ્યક્તિ' (પર્સન) માત્ર કુદરતી વ્યક્તિ/વ્યક્તિગત મનુષ્યને દર્શાવે છે કે પછી તેમાં કંપની, સહકારી મંડળી વગેરે જેવી કાનૂની/કાયદેસરની વ્યક્તિનો પણ સમાવેશ થાય છે. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા તમામ કલેક્ટરોને જારી કરાયેલ તારીખ ૧૭.૦૨.૨૦૧૮ ની સૂચનાઓને પડકારવામાં આવી હોવાથી આવો પ્રશ્ન ઉપસ્થિત થયો છે. કલેક્ટરોને આપવામાં આવેલ

ઉપરોક્ત સૂચનાઓમાં જણાવાયું છે કે ૨૦૧૫ ના સુધારા અધિનિયમ ૨૮ દ્વારા સદર અધિનિયમમાં કલમ ૬૩એબી ઉમેરવામાં આવી છે, જે મુજબ જ્યારે ખેડૂત ન હોય તેવી વ્યક્તિની તરફેણમાં જમીનની તબદીલી થઈ હોય અને ત્યારપછી જો સદર જમીનનો છેલ્લો વ્યવહાર તારીખ ૩૦.૦૬.૨૦૧૫ ના રોજ અથવા તે પહેલાં ખેડૂત હોય તેવી વ્યક્તિની તરફેણમાં થયો હોય, તો માત્ર ખેતીના હેતુ માટે આવી જમીનના ઉપયોગ માટે, જમીનની જંત્રી કિંમતના ૧૦% વસૂલ કરીને છેલ્લા વ્યવહારને માન્ય જાહેર કરી શકાય છે. તેમાં વધુમાં જણાવાયું છે કે ઉપરોક્ત સુધારો સ્વયંસ્પષ્ટ છે જે મુજબ ખેડૂત ન હોય તેવી વ્યક્તિ એટલે કે બિન-ખેડૂતને સદર અધિનિયમ મુજબ એક વ્યક્તિ તરીકે ગણવામાં આવે છે અને આવા સંજોગોમાં, છેલ્લા વ્યવહાર પહેલાં, જો સહકારી ખેતી મંડળી/સહકારી મંડળી/કંપની/ભાગીદારી પેઢીની ખેતીની જમીનો ખેડૂતોને તબદીલ કરવામાં આવી હોય તો તે કિસ્સાઓમાં ૧૦% રકમ લઈને આવા વ્યવહારોને માન્ય કરી શકાતા નથી અને જો આવો કોઈ નિર્ણય લેવામાં આવ્યો હોય તો તેને કાયદા વિરુદ્ધ ગણવામાં આવશે અને તેને રદ કરવો પડશે.

**૨.** ૨૦૧૫ ના ગુજરાત અધિનિયમ નં. ૨૮ દ્વારા, સદર અધિનિયમની કેટલીક જોગવાઈઓમાં સુધારો કરવામાં આવ્યો છે અને સદર અધિનિયમમાં કલમ ૬૩એબી ઉમેરવામાં આવી છે, જે નીચે મુજબ વંચાય છે:

> **૬૩એબી. અગાઉનો વ્યવહાર અથવા વ્યવહારો અમાન્ય હોઈ શકે તેમ છતાં ખેડૂતને કરવામાં આવેલ છેલ્લો વ્યવહાર માન્ય ગણાશે.-(૧)** કલમ

૬૩ માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, જ્યાં મામલતદારને **સુઓ મોટો** અથવા જમીનમાં હિત ધરાવતી કોઈપણ વ્યક્તિની અરજી પર એવું માનવાને કારણ હોય કે, કલમ ૬૩ ના પેટા-કલમ (૧) ના ખંડ (એ), (બી) અથવા (સી) ની જોગવાઈઓના ભંગમાં, ખેડૂત ન હોય તેવી વ્યક્તિની તરફેણમાં જમીનની તબદીલી થઈ હતી, અને ત્યારપછી અમુક વ્યવહાર અથવા વ્યવહારો થયા છે અને જે વ્યક્તિની તરફેણમાં છેલ્લો વ્યવહાર તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫ ના રોજ અથવા તે પહેલાં કરવામાં આવ્યો હતો તે વ્યક્તિ ખેડૂત છે, તો તેઓ આવી વ્યક્તિને નોટિસ જારી કરશે અને તેને સુનાવણીની તક આપશે અને તેમને યોગ્ય જણાય તેવી તપાસ પણ કરશે.

(૨) જો મામલતદાર એવા નિષ્કર્ષ પર આવે કે આવી જમીન અંગેના છેલ્લા વ્યવહારના પરિણામે, જે વ્યક્તિને આવી જમીન તબદીલ કરવામાં આવી હતી તે ખરેખર ખેડૂત છે, તો તેઓ આવી વ્યક્તિને માત્ર ખેતીના હેતુ માટે આવી જમીનના ઉપયોગ માટે પ્રવર્તમાન જંત્રીના દસ ટકા જેટલી રકમ રાજ્ય સરકારને ચૂકવવા જણાવશે અને આવી ચુકવણી પછી તેઓ હુકમ દ્વારા, આવા એક અથવા વધુ વ્યવહારો અમાન્ય હતા તે હકીકતને ધ્યાનમાં લીધા વિના, આવા છેલ્લા વ્યવહારને માન્ય જાહેર કરશે અને આવા હુકમ પર, કલમ ૮૪સી હેઠળ કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવશે

નહીં અને જો પહેલેથી શરૂ કરવામાં આવી હોય તો તરત જ બંધ કરવામાં આવશે.

**3.** સદર અધિનિયમની કલમ ૨(૧૧) માં વ્યાખ્યાયિત કર્યા મુજબ, 'વ્યક્તિ' શબ્દમાં સંયુક્ત કુટુંબનો સમાવેશ થાય છે. ધ ગુજરાત એગ્રીકલ્ચરલ લેન્ડ્સ સીલિંગ એક્ટ, ૧૯૬૦ (ટૂંકમાં 'ધ સીલિંગ એક્ટ') ની કલમ ૨(૨૧) માં પણ 'વ્યક્તિ' ની સમાન વ્યાખ્યા આપવામાં આવી છે. ધ બોમ્બે જનરલ ક્લોઝીસ એક્ટ, ૧૯૦૪ માં 'વ્યક્તિ' ની વ્યાખ્યામાં આપેલા અર્થની પ્રસ્તુતતાને ધ્યાનમાં રાખીને ધ સીલિંગ એક્ટમાં વપરાયેલા 'વ્યક્તિ' શબ્દના અર્થ અને વ્યાપ પર, માનનીય સર્વોચ્ચ અદાલતે **(૨૦૦૮)૫ એસસીસી ૪૭૯** માં રિપોર્ટ થયેલ **રમણલાલ ભાઈલાલ પટેલ અને અન્ય વિરુદ્ધ ગુજરાત રાજ્ય** ના કેસમાં તેના ચુકાદાના ફકરા-૨૩ થી ૨૫ માં નીચે મુજબ ઠરાવ્યું અને અવલોકન કર્યું છે:

> ૨૩. સદર અધિનિયમમાં 'વ્યક્તિ' શબ્દ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે, પરંતુ તે એક સમાવેશી-વ્યાખ્યા છે, એટલે કે "વ્યક્તિમાં સંયુક્ત કુટુંબનો સમાવેશ થાય છે." જ્યાં વ્યાખ્યા એક સમાવેશી વ્યાખ્યા હોય, ત્યાં 'સમાવેશ થાય છે' શબ્દનો ઉપયોગ કાયદામાં વપરાયેલા શબ્દના અર્થને વિસ્તૃત કરવાનો ઈરાદો દર્શાવે છે. પરિણામે, તે શબ્દનો અર્થ માત્ર એવી બાબતોને સમાવતો જ કરવો જોઈએ નહીં કે જે તેઓ તેમના કુદરતી અર્થ અનુસાર દર્શાવે છે, પરંતુ તે બાબતોને પણ સમાવતો કરવો જોઈએ કે જે અર્થઘટન કલમ જાહેર કરે છે કે તેમાં તેનો સમાવેશ થશે. આમ, જ્યાં કોઈ

વ્યાખ્યામાં 'એટલે કે' (મીન્સ) ની વિરુદ્ધ 'સમાવેશ થાય છે' (ઈન્કલુડ્સ) શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યાં વ્યાખ્યાયિત શબ્દ માત્ર તેનો સામાન્ય, પ્રચલિત અને કુદરતી અર્થ જ ધરાવતો નથી, પરંતુ વધુમાં વિસ્તૃત વૈધાનિક અર્થ પણ ધરાવે છે (જુઓ એસ.કે. ગુપ્તા વિ. કે.પી. જૈન, ડિલવર્થ વિ. કમિશનર ઓફ સ્ટેમ્પ્સ, વિ. મિડલસેક્સ કાઉન્ટી કાઉન્સિલ ને અનુસરતા).

૨૪. 'વ્યક્તિ' શબ્દનો સામાન્ય, લોકપ્રિય અને કુદરતી અર્થ 'એક વિશિષ્ટ વ્યક્તિગત મનુષ્ય' છે. પરંતુ કાયદામાં 'વ્યક્તિ' શબ્દનો થોડો અલગ અર્થ છે, અને તે એવી કોઈપણ એન્ટિટીનો સંદર્ભ આપે છે જેને કાયદા દ્વારા મનુષ્યના અધિકારો અને ફરજો ધરાવતી તરીકે માન્યતા આપવામાં આવી હોય. સાલ્મન્ડ 'વ્યક્તિ' ને 'એવું કોઈપણ અસ્તિત્વ કે જેને કાયદો અધિકારો અને ફરજો માટે સક્ષમ માને છે' અથવા 'એવું અસ્તિત્વ, માનવ હોય કે ન હોય, જેના અધિકારો અને ફરજો લક્ષણો છે' તરીકે વ્યાખ્યાયિત કરે છે (જ્યુરિસ્પ્રુડન્સ: ૧૨મી આવૃત્તિ પેજ ૨૯૯). આમ કાયદામાં 'વ્યક્તિ' શબ્દ, જ્યાં સુધી અન્યથા હેતુ ન હોય ત્યાં સુધી, માત્ર કુદરતી વ્યક્તિ (પુરુષ અથવા સ્ત્રી મનુષ્ય) નો જ સંદર્ભ આપતો નથી, પરંતુ કોઈપણ કાનૂની વ્યક્તિ (એટલે કે એવી એન્ટિટી કે જેને કાયદા દ્વારા અધિકારો અને ફરજો ધરાવતી અથવા ધરાવવા માટે સક્ષમ તરીકે ઓળખવામાં આવે છે) નો પણ સંદર્ભ આપે છે. આમ જનરલ ક્લોઝીસ

એક્ટ 'વ્યક્તિ' ને નિગમ અથવા વ્યક્તિઓના મંડળ અથવા વ્યક્તિઓના જૂથનો સમાવેશ કરતી તરીકે વ્યાખ્યાયિત કરે છે, પછી ભલે તે નિગમિત હોય કે ન હોય. જોકે, સદર સામાન્ય કાનૂની વ્યાખ્યા કાયદાના હેતુ અથવા સંદર્ભ કે જેમાં તેનો ઉપયોગ થાય છે તેના સંદર્ભમાં વિવિધ કાયદાઓમાં કાં તો સુધારેલી અથવા પ્રતિબંધિત અથવા વિસ્તૃત કરવામાં આવે છે. દાખલા તરીકે, ઈન્કમ ટેક્સ એક્ટમાં 'વ્યક્તિ' શબ્દની વ્યાખ્યા ખૂબ વિશાળ છે અને તેમાં વ્યક્તિ, હિન્દુ અવિભાજ્ય કુટુંબ, કંપની, પેઢી, વ્યક્તિઓનું મંડળ અથવા વ્યક્તિઓનું જૂથ, પછી ભલે તે નિગમિત હોય કે ન હોય, સ્થાનિક સત્તામંડળ અને અન્ય તમામ કૃત્રિમ ન્યાયિક વ્યક્તિનો સમાવેશ થાય છે. બીજા છેડે સિટીઝનશિપ એક્ટ છે, જેની કલમ ૨(એફ) આ મુજબ વંચાય છે: "વ્યક્તિમાં કોઈપણ કંપની અથવા મંડળ અથવા વ્યક્તિઓના જૂથનો સમાવેશ થતો નથી, પછી ભલે તે નિગમિત હોય કે ન હોય." તેવી જ રીતે, રિપ્રેઝન્ટેશન ઓફ ધ પીપલ એક્ટ ૧૯૫૦ ની કલમ ૨(જી) હેઠળની વ્યાખ્યા છે કે "વ્યક્તિ" માં વ્યક્તિઓના જૂથનો સમાવેશ થતો નથી.

૨૫. જનરલ ક્લોઝીસ એક્ટ અને સીલિંગ એક્ટ બંનેમાં 'વ્યક્તિ' શબ્દની બંને વ્યાખ્યાઓ સમાવેશી વ્યાખ્યાઓ છે. જનરલ ક્લોઝીસ એક્ટમાં 'વ્યક્તિ' ની સમાવેશી વ્યાખ્યા તમામ ગુજરાત અધિનિયમોને લાગુ પડે છે સિવાય કે વિષય અથવા સંદર્ભમાં કંઈક વિસંગત હોય. સીલિંગ એક્ટની

કલમ ૨(૨૧) માં 'વ્યક્તિ' ની સમાવેશી વ્યાખ્યા, જનરલ ક્લોઝીસ એક્ટમાં 'વ્યક્તિ' ની વ્યાખ્યાથી વિરુદ્ધ કંઈ દર્શાવતી નથી, પરંતુ માત્ર અસ્તિત્વમાં રહેલી વ્યાખ્યામાં 'સંયુક્ત કુટુંબ' ઉમેરે છે. તેથી સીલિંગ એક્ટમાં વ્યક્તિની વ્યાખ્યામાં જનરલ ક્લોઝીસ એક્ટની કલમ ૩(૩૫) માં વ્યક્તિની વ્યાખ્યાનો સમાવેશ થશે. પરિણામી સ્થિતિ આ મુજબ જણાવી શકાય છે: જનરલ ક્લોઝીસ એક્ટમાં વ્યક્તિની વ્યાખ્યા, સમાવેશી વ્યાખ્યા હોવાથી, સામાન્ય, પ્રચલિત અને સામાન્ય અર્થ અને વ્યાખ્યામાં ખાસ સમાવિષ્ટ કરાયેલા અર્થોનો સમાવેશ કરશે. સીલિંગ એક્ટમાં 'વ્યક્તિ' ની સમાવેશી વ્યાખ્યા, કોઈપણ બાકાતીના અભાવે, જનરલ ક્લોઝીસ એક્ટમાં સદર શબ્દને સોંપાયેલ સમાન અર્થ ધરાવશે, અને વધુમાં, વ્યાખ્યાયિત કર્યા મુજબ 'સંયુક્ત કુટુંબ' ધરાવશે. આમ, સીલિંગ એક્ટમાં 'વ્યક્તિ' શબ્દ, જ્યાં સુધી સંદર્ભમાં અન્યથા જરૂરી ન હોય ત્યાં સુધી, નીચેનાનો સંદર્ભ આપશે:

(૧) કુદરતી મનુષ્ય,

(૨) કોઈપણ કાનૂની એન્ટિટી જે અધિકારો અને ફરજો ધરાવવા માટે સક્ષમ હોય, જેમાં કોઈપણ કંપની અથવા વ્યક્તિઓનું મંડળ અથવા વ્યક્તિઓનું જૂથ (પછી ભલે તે નિગમિત હોય કે ન હોય) નો સમાવેશ થાય છે; અને

(૩) હિન્દુ અવિભાજ્ય કુટુંબ અથવા વ્યક્તિઓનું કોઈપણ અન્ય જૂથ કે એકમ, જેના સભ્યો રિવાજ અથવા પ્રથા દ્વારા, મિલકત અને રહેઠાણમાં સંયુક્ત હોય.

૪. **કર્ણાટક બેંક લિ. વિરુદ્ધ આંધ્રપ્રદેશ રાજ્ય અને અન્ય** ના કેસમાં, જે **(૨૦૦૮)૨ એસસીસી ૨૫૪** માં રિપોર્ટ થયેલ છે, માનનીય સર્વોચ્ચ અદાલતે ફકરા ૪૧ થી ૪૩ માં નીચે મુજબ ઠરાવ્યું અને અવલોકન કર્યું છે:-

૪૧. જનરલ ક્લોઝીસ એક્ટ, ૧૮૯૭ ની કલમ ૩ પોતે જ કહે છે કે જ્યાં સુધી વિષય અથવા સંદર્ભમાં કંઈક વિસંગત ન હોય ત્યાં સુધી વ્યક્તિ શબ્દમાં કોઈપણ કંપની અથવા મંડળ અથવા વ્યક્તિઓના જૂથનો સમાવેશ થશે, પછી ભલે તે નિગમિત હોય કે ન હોય.

"કાયદાના મુખ્ય ભાગમાં આવતા શબ્દો અથવા શબ્દસમૂહોના અર્થને વિસ્તૃત કરવા માટે અર્થઘટન કલમોમાં 'સમાવેશ થાય છે' શબ્દનો વારંવાર ઉપયોગ થાય છે. જ્યારે તેનો ઉપયોગ આ રીતે કરવામાં આવે છે, ત્યારે આ શબ્દો અને શબ્દસમૂહોનો અર્થ માત્ર એવી બાબતોને સમાવતી તરીકે કરવો જોઈએ નહીં કે જે તેઓ તેમના સ્વભાવ અને મહત્વ અનુસાર દર્શાવે છે પરંતુ તે બાબતોને પણ સમાવતી તરીકે કરવો જોઈએ કે જે અર્થઘટન કલમ જાહેર કરે છે કે તેમાં તેનો સમાવેશ થશે."

[જુઓ ધ કમિશનર ઓફ ઈન્કમ-ટેક્સ, આંધ્રપ્રદેશ વિ. મેસર્સ તાજમહેલ હોટેલ, સિકંદરાબાદ૧૧]

૪૨. અમારા સુવિચારિત અભિપ્રાય મુજબ, વિધાનમંડળ જનરલ ક્લોઝીસ એક્ટ, ૧૮૯૭ માં તે શબ્દની વ્યાખ્યા કરતાં અલગ રીતે વ્યક્તિ શબ્દને વ્યાખ્યાયિત કરવાની તેની ક્ષમતાથી વંચિત નથી. એવા ઘણા દ્રષ્ટાંતો છે જે દર્શાવે છે કે સમાન શબ્દોનો ઉપયોગ જુદા જુદા સંદર્ભમાં જુદા જુદા અર્થમાં કરવામાં આવ્યો છે. સંસદ અથવા રાજ્ય વિધાનમંડળ માટે અધિનિયમમાં વ્યક્તિને વ્યાખ્યાયિત કરવી અને કલ્પના (ફિક્શન) દ્વારા કૃત્રિમ એકમ બનાવવું એ કોઈ અસામાન્ય પ્રથા નથી. દાખલા તરીકે, ઈન્કમ-ટેક્સ એક્ટ, ૧૯૬૧ ની કલમ ૨(૩૧) વ્યક્તિને વ્યાખ્યાયિત કરે છે, જેમાં (એ) એક વ્યક્તિગત માનવ, (બી) હિન્દુ અવિભાજ્ય કુટુંબ, (સી) કંપની, (ડી) પેઢી, (ઈ) વ્યક્તિઓનું મંડળ અથવા વ્યક્તિઓનું જૂથ, પછી ભલે તે નિગમિત હોય કે ન હોય, (એફ) સ્થાનિક સત્તામંડળ અને (જી) અગાઉની કોઈપણ ઉપ-કલમોમાં ન આવતી હોય તેવી દરેક કૃત્રિમ ન્યાયિક વ્યક્તિનો સમાવેશ થાય છે અને તે જનરલ ક્લોઝીસ એક્ટમાં વ્યાખ્યાયિત કરાયેલ વ્યક્તિ શબ્દ કરતાં ઘણી વિસ્તૃત છે.

૪૩. જનરલ ક્લોઝીસ એક્ટની કલમ ૩(૪૨) માં વ્યક્તિની વ્યાખ્યા નિઃશંકપણે દ્રષ્ટાંતરૂપ છે અને સર્વગ્રાહી નથી. આવી સમાવેશી વ્યાખ્યાઓ અંગે અર્થઘટનનો જાણીતો નિયમ હંમેશાં અન્ય સંસ્થાઓને,

જે અન્યથા સખત રીતે વ્યાખ્યામાં ન આવી હોય, તેને આવી વ્યાખ્યાઓના દ્રષ્ટાંતરૂપ ઘડતરને કારણે તેનો એક ભાગ ગણવાનો રહ્યો છે. વિધાનમંડળ તેની વિવેકબુદ્ધિમાં દરેક કાયદાના હેતુઓ માટે અલગથી અને જનરલ ક્લોઝીસ એક્ટમાં આપેલી વ્યાખ્યાથી ભિન્ન વ્યક્તિને વ્યાખ્યાચિત કરવા અને કૃત્રિમ એકમ બનાવવા માટે સક્ષમ છે. જનરલ ક્લોઝીસ એક્ટમાં વ્યક્તિની વ્યાખ્યા રાજ્ય વિધાનમંડળની વ્યક્તિને વ્યાખ્યાચિત કરવાની અને જનરલ ક્લોઝીસ એક્ટમાં વ્યાખ્યાચિત કર્યા કરતાં અલગ અર્થ અપનાવવાની સત્તાઓ પર કોઈ બંધન અથવા પ્રતિબંધ તરીકે કામ કરશે નહીં.

**૫. ગુજરાત રાજ્ય અને અન્ય વિરુદ્ધ પ્રથમિશ ફાર્મ્સ પ્રા. લિ. અને અન્ય** ના કેસમાં, જે **૨૦૧૧(૧) જીએલઆર ૧૫૯** માં રિપોર્ટ થયેલ છે, આ કોર્ટની ડિવિઝન બેન્ચે રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલ તારીખ ૨૩.૧૧.૧૯૯૮ ના પરિપત્રની કાયદેસરતાની તપાસ કરતી વખતે સદર અધિનિયમમાં આપવામાં આવેલી 'વ્યક્તિ' ની વ્યાખ્યા પર વિચારણા કરી હતી અને તેના ચુકાદાના ફકરા-૫, ૭, ૮, ૯, ૧૦.૨ અને ૧૧ માં નીચે મુજબ ઠરાવ્યું અને અવલોકન કર્યું છે:

**૫.** અગાઉના કેટલાક પરિપત્રો અને ઠરાવોના સંદર્ભ પછી, વાદગ્રસ્ત તારીખ ૨૩.૧૧.૧૯૯૮ ના પરિપત્રમાં, **અન્ય બાબતો સાથે,** જણાવાયું છે: (મુક્ત અંગ્રેજી અનુવાદ) -

સરકારના ધ્યાને આવ્યું છે કે કેટલીક ખાનગી કંપનીઓએ ધ બોમ્બે ટેનન્સી એક્ટ, ૧૯૪૮ ની કલમ ૬૩ હેઠળ પરવાનગી મેળવીને ખેતીના ઉપયોગ માટે ખેતીની જમીનો ખરીદી છે. ખાનગી લિમિટેડ કંપનીઓ દ્વારા ખેતીના ઉપયોગ માટે જમીનની ખરીદી સામે એવી રજૂઆત કરવામાં આવી છે કે ખાનગી લિમિટેડ કંપનીઓ અને કોર્પોરેટ સંસ્થાઓ દ્વારા સટ્ટાકીય હેતુઓ માટે ખેતીની જમીનો ખરીદવામાં આવી રહી છે. આમ ઉપરોક્ત હકીકતો રાજ્ય સરકારના ધ્યાને આવી હતી.

ધ બોમ્બે ટેનન્સી એક્ટ, ૧૯૪૮ નો હેતુ ગણોતિયાઓ, ખેતમજૂરો અને ખેતીની જમીન ધારકો દ્વારા ખેતીની જમીન ધારણ કરવાની ખાતરી કરવાનો છે. સદર અધિનિયમની કલમ ૨(૨) માં વ્યાખ્યાચિત કર્યા મુજબ ખેડૂત એટલે એવી વ્યક્તિ કે જે જાતે જમીન ખેડે છે; અને કલમ ૨(૬) હેઠળ જાતે ખેડવું એટલે પોતાના વતી પોતાના શ્રમ દ્વારા અથવા પોતાના કુટુંબના કોઈપણ સભ્યના શ્રમ દ્વારા અથવા પોતાના અથવા પોતાના કુટુંબના કોઈપણ સભ્યની વ્યક્તિગત દેખરેખ હેઠળ ભાડે રાખેલા મજૂરો દ્વારા અથવા રોકડ કે વસ્તુના રૂપમાં પરંતુ પાકના હિસ્સામાં નહીં તેવા ચૂકવવાપાત્ર વેતન પરના નોકરો દ્વારા જમીન ખેડવી. કલમ ૨(૫) મુજબ, તેના વ્યાકરણના રૂપો અને સજાતીય અભિવ્યક્તિઓ સાથે ખેડવું એટલે શારીરિક શ્રમ દ્વારા અથવા પશુઓ કે મશીનરી દ્વારા ખેત પેદાશ ઉગાડવા અથવા સુધારવાના હેતુથી જમીન ખેડવી અથવા કેળવવી, અથવા તેના પર કોઈપણ કૃષિ કામગીરી હાથ ધરવી.

**સદર અધિનિયમની કલમ ૨(૧૧) માં વ્યક્તિ શબ્દ વ્યાખ્યાયિત થયેલ હોવાથી, ધ બોમ્બે જનરલ ક્લોઝીસ એક્ટ, ૧૯૦૪ માં આપેલી તેની વ્યાખ્યા લાગુ કરી શકાય નહીં અને કંપનીઝ એક્ટ હેઠળ કાનૂની વ્યક્તિ તરીકે રચાયેલી કંપનીને ખેડૂત ગણી શકાય નહીં. આ કાનૂની જોગવાઈને ધ્યાનમાં રાખીને, બિન-ખેડૂત તરીકે કંપનીઓ દ્વારા ખેતીની જમીન સંપાદન કરવા માટે સદર અધિનિયમની કલમ ૬૩ હેઠળ કોઈ જોગવાઈ નથી. જિલ્લા કલેક્ટરો, પ્રાંત અધિકારીઓ, તાલુકા મામલતદારો અને એગ્રીકલ્ચરલ ટ્રિબ્યુનલોએ ઉપરોક્ત જોગવાઈઓને ધ્યાનમાં રાખીને તે મુજબ આગળ વધવાનું રહેશે.**

૭. અપીલકર્તા તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન એ.જી.પી. દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે સદર અધિનિયમની કલમ ૬૩ ની યોજના અને જોગવાઈઓ વિધાનમંડળની નીતિને સ્પષ્ટપણે દર્શાવે છે, જે ખેડૂત ન હોય તેવી વ્યક્તિની તરફેણમાં ખેતીની જમીનની તબદીલી પર પ્રતિબંધ મૂકવાની હતી. કલેક્ટર અથવા તે વતી અધિકૃત અધિકારી પાસેથી નિયત કરવામાં આવે તેવી શરતો સાથે પરવાનગી મેળવીને આ પ્રતિબંધમાંથી અપવાદ કરી શકાય છે. જો કે, તે અપવાદ એ શરતને આધીન છે કે જ્યાં જમીન ખેતીના હેતુ માટે ખેડૂત ન હોય તેવી વ્યક્તિને વેચવામાં આવી રહી હોય, જો અન્ય સ્ત્રોતોમાંથી આવી વ્યક્તિની વાર્ષિક આવક ૫૦૦૦ રૂપિયાથી વધુ હોય તો આવી પરવાનગી આપી શકાતી નથી. તેથી, સ્પષ્ટપણે જણાય છે કે જો અન્ય સ્ત્રોતોમાંથી ખરીદનારની

વાર્ષિક આવક ૫૦૦૦ રૂપિયાથી વધુ હોય તો કલેક્ટર અથવા તે વતી અધિકૃત અધિકારી પાસે પણ ખેતીના હેતુ માટે ખેડૂત ન હોય તેવી વ્યક્તિને ખેતીની જમીન વેચવાની પરવાનગી આપવાની કોઈ સત્તા નથી. ખેડૂત, તેની વ્યાખ્યા મુજબ, એવી વ્યક્તિ છે જે જાતે જમીન ખેડે છે; અને જાતે ખેડવા માટે, ખરીદનાર પોતાના વતી અથવા પોતાની જાતે અથવા તેના કુટુંબના કોઈપણ સભ્યની દેખરેખ હેઠળ ભાડે રાખેલા મજૂરો દ્વારા જમીન ખેડતો હોવો જોઈએ. કલમ ૬૩ નું શીર્ષક એટલે કે બિન-ખેડૂતોને તબદીલીઓ પર પ્રતિબંધ પણ બિન-ખેડૂતોને ખેતીની જમીનની તબદીલી પર પ્રતિબંધ મૂકવાની નીતિને સ્પષ્ટપણે સૂચવે છે, સિવાય કે જ્યાં આવી તબદીલી શરત દ્વારા પૂરા પાડવામાં આવેલ અપવાદો હેઠળ માન્ય હોય.

૮. ખેતીની જમીનોની તબદીલીનું નિયમન કરવા અને તેના પર નિયંત્રણો લાદવાના, **અન્ય બાબતો સાથે,** સ્પષ્ટ ઉદ્દેશ્યો સાથે ઘડવામાં આવેલી સદર અધિનિયમની સ્પષ્ટ કાનૂની જોગવાઈઓને ધ્યાનમાં લેતાં તે કાનૂની વ્યક્તિ અથવા કંપનીને ખેડૂત તરીકે ભાગ્યે જ સમાવી શકે છે. સ્પષ્ટ વ્યાખ્યાઓ અનુસાર, કાનૂની વ્યક્તિ પોતાની જાતે શ્રમ દ્વારા અથવા પોતાની અથવા તેના કુટુંબના સભ્યોની અંગત દેખરેખ હેઠળ જાતે જમીન ખેડી શકતી નથી. તેથી, સંયુક્ત કુટુંબનો સમાવેશ કરવા માટે કલમ ૨(૧૧) માં વ્યાખ્યાયિત વ્યક્તિ શબ્દને, સદર અધિનિયમની કલમ ૬૩

ની જોગવાઈઓના સંદર્ભમાં કાનૂની વ્યક્તિનો સમાવેશ કરવા માટે વિસ્તૃત અર્થઘટનની મંજૂરી આપી શકાય નહીં.

૯. વાદગ્રસ્ત પરિપત્રમાં સંબંધિત કાનૂની જોગવાઈઓના ઉપરોક્ત વાંચન સામે, વિદ્વાન સિંગલ જજ ધ બોમ્બે જનરલ ક્લોઝીસ એક્ટ ૧૯૦૪, ધ ગુજરાત કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ ૧૯૬૧ અને ધ ગુજરાત એગ્રીકલ્ચરલ લેન્ડ્સ સીલિંગ એક્ટ, ૧૯૬૦ ની જોગવાઈઓના સંદર્ભ તરફ બિનજરૂરી રીતે દોરવાયા હોય તેવું જણાય છે.

૧૦.૨ દેખીતી રીતે, સામાવાળા દ્વારા ઉપરોક્ત ચુકાદા પર આધાર રાખવો અયોગ્ય છે અને વાસ્તવમાં સામાવાળાના કેસને નબળો પાડે છે. તે ઉપરાંત, ટેનન્સી એક્ટ અને સીલિંગ એક્ટ, ખેતીની જમીન સાથે સંબંધિત હોવા છતાં, તદ્દન અલગ હેતુઓ ધરાવે છે અને તેની વિવિધ જોગવાઈઓમાં 'વ્યક્તિ' શબ્દ જે સંદર્ભમાં વપરાય છે તે પણ એટલો જ અલગ છે. જ્યારે સીલિંગ એક્ટનો મુખ્ય ઉદ્દેશ અમુક મર્યાદાથી વધુ ખેતીની જમીન ધારણ કરવા પર નિયંત્રણો લાદવાનો છે, ત્યારે ટેનન્સી એક્ટનો ઉદ્દેશ, **અન્ય બાબતો સાથે,** ખેડૂતો, ખેતમજૂરો અને કારીગરો દ્વારા ધારણ કરાયેલ ખેતીની જમીનો બિન-ખેડૂતોને અથવા બિન-ખેતી હેતુ માટે તબદીલ કરવા પર નિયમન અને પ્રતિબંધ મૂકવાનો છે. તે ઉપરાંત, ટેનન્સી એક્ટની કલમ ૬૩ માં સમાવિષ્ટ સ્પષ્ટ નિયંત્રણો, અપવાદોને આધીન, બિન-ખેડૂતોને ખેતીની જમીનની તબદીલી (ખેતીના હેતુ માટે)

પર પ્રતિબંધ મૂકે છે, જેણે કાનૂની વ્યક્તિઓ અથવા નિગમિત સંસ્થાઓને બાકાત રાખવી પડશે, જેઓ બાબતોના સ્વભાવ અનુસાર, સદર અધિનિયમમાં તે શબ્દસમૂહની વ્યાખ્યા મુજબ જમીન જાતે ખેડી શકતી નથી. જો અન્ય સ્ત્રોતોમાંથી આવી વ્યક્તિની વાસ્તવિક આવક ૫૦૦૦ રૂપિયાથી વધુ હોય તેવો શબ્દસમૂહ જે તબદીલી મેળવનાર સંસ્થા સાથે જોડાયેલ છે તે એવી વ્યક્તિને ખેડૂત બનાવવા માટે લાગુ કરી શકાતો નથી જે ખેડૂત બની શકતી નથી. ધ બોમ્બે જનરલ ક્લોઝીસ એક્ટ, ૧૯૦૪ માં વ્યક્તિની વ્યાખ્યા સદર અધિનિયમની કલમ ૬૩ ની જોગવાઈઓના સંદર્ભમાં સ્પષ્ટપણે અસંગત હશે, અને તેથી, તેને સદર અધિનિયમમાં વ્યક્તિની વ્યાખ્યામાં સમાવિષ્ટ તરીકે વાંચી શકાય નહીં.

અહીં એ નોંધવું પ્રસ્તુત થઈ શકે છે કે આવી તબદીલી અમાન્ય ઠરવાની સજા હેઠળ, બિન-ખેડૂતને ખેતીની જમીનની તબદીલી પરનો પ્રતિબંધ, જે સદર અધિનિયમની કલમ ૬૩ ની જોગવાઈઓમાં કલ્પના કરવામાં આવી છે, તે બોડી કોર્પોરેટની ખેતીની જમીન ધારણ કરવાની કાનૂની ક્ષમતાથી ભિન્ન અને સંપૂર્ણપણે અસંબંધિત છે. ચોક્કસ સંદર્ભમાં એવું માનવામાં આવે તો પણ કે કાનૂની વ્યક્તિ કાયદેસર રીતે ખેતીની જમીન ધારણ કરી શકે છે અથવા તેની માલિકી ધરાવી શકે છે, તેમ છતાં સદર અધિનિયમ હેઠળ જરૂરી મુજબ જમીન જાતે ખેડવાની તેની અસમર્થતા હોવા છતાં આવી કૃત્રિમ વ્યક્તિને જમીન તબદીલ કરવાના લાયસન્સ તરીકે તેનું અર્થઘટન કરી શકાય નહીં.

૬. સદર અધિનિયમની કેટલીક જોગવાઈઓ, જ્યાં 'વ્યક્તિ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તે નીચે મુજબ છે:-

(એ) કલમ ૩૨પી ગણોતિયા દ્વારા ખરીદવામાં ન આવેલી જમીન કલેક્ટર દ્વારા પુનઃપ્રાપ્ત કરવા અને તેનો નિકાલ કરવાની જોગવાઈ કરે છે. અગ્રતાના ક્રમમાં વ્યક્તિને જમીનનો નિકાલ કરવાનો નિર્દેશ જેમાં સહકારી ખેતી મંડળીનો સમાવેશ થાય છે, જેના સભ્યો ખેતમજૂરો, જમીનવિહોણી વ્યક્તિઓ અથવા નાના ધારકો અથવા આવી વ્યક્તિઓનું મિશ્રણ હોય અને ખેડૂતોની સહકારી ખેતી મંડળી, અને અન્ય સહકારી ખેતી મંડળીનો સમાવેશ થાય છે.

(બી) કલમ ૬૩એએ શુદ્ધદાનતથી ઔદ્યોગિક હેતુ માટે જમીનના વેચાણની જોગવાઈ કરે છે, જે તેમાં પૂરી પાડવામાં આવ્યા મુજબ અમુક કિસ્સાઓમાં પરવાનગી આપી શકાય છે. તેમાં વપરાયેલ 'વ્યક્તિ' શબ્દને ખરીદનાર તરીકે ઓળખવામાં આવે છે અને પેટા-કલમ (૧) ના ખંડ (સી) ના પરંતુક મુજબ આવો ખરીદનાર કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૨ ના ખંડ (૨૦) માં વ્યાખ્યાયિત કંપની હોઈ શકે છે.

(સી) કલમ ૬૩એડી, જે કલમ ૬૩ ના પેટા-કલમ (૧) ના ખંડ (એ), (બી), (સી) ની જોગવાઈઓના ભંગમાં જમીનની તબદીલી થઈ હોય તેવી વ્યક્તિ પર દંડ લાદવાની અને આવી તબદીલી પહેલાં તરત જ જે સ્થિતિમાં

જમીન હતી તે સ્થિતિમાં અધિકારો અને હિતો સહિત જમીનને પુનઃસ્થાપિત કરવાની જોગવાઈ કરે છે.

(ડી) કલમ ૭૦ મામલતદારની ફરજો વિશે જણાવે છે, જેમાંથી એક, તેમાં પૂરી પાડવામાં આવ્યા મુજબ, કોઈ વ્યક્તિ ખેડૂત છે કે કેમ અને તે વ્યક્તિ ગણોતિયો કે સંરક્ષિત ગણોતિયો કે કાયમી ગણોતિયો છે કે હતી તે નક્કી કરવાની છે. તે કલમ ૮૪બી અથવા ૮૪સી હેઠળ જમીનની તબદીલી અથવા સંપાદન અમાન્ય છે કે કેમ તે નક્કી કરવા અને કલમ ૮૪સી માં પૂરી પાડવામાં આવ્યા મુજબ જમીનનો નિકાલ કરવાની પણ જોગવાઈ કરે છે.

(ઈ) કલમ ૮૩એ અને કલમ ૮૪ નીચે મુજબ વંચાય છે:-

**૮૩એ. અમાન્ય હોય તેવી તબદીલી દ્વારા જમીન સંપાદન કરવા પર પ્રતિબંધ.-(૧)** જ્યાં આ અધિનિયમની કોઈપણ જોગવાઈઓ હેઠળ આવી તબદીલી અથવા સંપાદન અમાન્ય હોય ત્યાં કોઈ પણ વ્યક્તિ તબદીલી દ્વારા જમીન સંપાદન કરશે નહીં.

(૨) પેટા-કલમ (૧) ના ઉલ્લંઘનમાં જમીન સંપાદન કરનાર કોઈપણ વ્યક્તિ, તબદીલી અથવા સંપાદન અમાન્ય નક્કી અથવા જાહેર કરવામાં આવે તે સંજોગોમાં, યથાપ્રસંગ કલમ ૮૪ અથવા ૮૪સી હેઠળના પરિણામો ભોગવવા માટે જવાબદાર રહેશે.

**૮૪. સંક્ષિપ્ત બેદખલી.-** કોઈપણ જમીન પર અનધિકૃત રીતે કબજો ધરાવતી અથવા ગેરકાયદેસર રીતે કબજો ધરાવતી કોઈપણ વ્યક્તિ-

(એ) જેની તબદીલી (અથવા સંપાદન) પક્ષકારોના કૃત્ય દ્વારા અથવા કાયદાના અમલ દ્વારા આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ અમાન્ય હોય.

(બી) જેનું સંચાલન સદર જોગવાઈઓ હેઠળ સંભાળવામાં આવ્યું હોય અથવા

(સી) જેના ઉપયોગ અને કબજા માટે તે સદર જોગવાઈઓ હેઠળ હકદાર નથી અને સદર જોગવાઈઓ આવી વ્યક્તિની બેદખલી માટે જોગવાઈ કરતી નથી,

તેને કલેક્ટર દ્વારા સંક્ષિપ્તમાં બેદખલ કરી શકાશે.

(એફ) કલમ ૮૪બી તબદીલ કરનાર, તબદીલી મેળવનાર અથવા આવી જમીન સંપાદન કરનાર વ્યક્તિને નોટિસ જારી કરીને જમીનની તબદીલી અથવા સંપાદનને અમાન્ય જાહેર કરવાની મામલતદારની સત્તાઓની જોગવાઈ કરે છે, જો જમીનની તબદીલી અથવા સંપાદન સુધારા અધિનિયમ, ૧૯૫૫ ના પ્રારંભ પહેલાં અસ્તિત્વમાં હતી તે મુજબ કલમ ૬૩ અને ૬૪ ના ઉલ્લંઘનમાં જણાય અથવા ૧૯૫૫ ના અધિનિયમ દ્વારા સુધારેલા સદર અધિનિયમની કોઈપણ જોગવાઈઓ સાથે અસંગત હોય.

**૭.** બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ દાખલ કરવામાં આવેલી પ્રથમ પાંચ બાબતોમાં (સ્પેશિયલ સિવિલ અપ્લિકેશન નં. ૯૦૮૬/૨૦૧૭ થી સ્પેશિયલ સિવિલ અપ્લિકેશન નં. ૯૦૯૦/૨૦૧૭), અરજદારોએ તારીખ ૦૭.૦૨.૨૦૧૭ ના ઠરાવ (તારીખ ૧૭.૨.૨૦૧૭ ની સૂચનાઓ) ના બહાના હેઠળ અન્ય કોઈ ઔપચારિકતામાંથી પસાર થવાનો આગ્રહ રાખ્યા વિના પ્રશ્નવાળી જમીન (જે દરેક પિટિશનમાં અલગ છે) ના સંબંધમાં બિન-ખેતી (એન.એ.) પરવાનગી તાત્કાલિક જારી કરવા માટેનો નિર્દેશ માંગ્યો છે અને એવું ઠરાવવા અને જાહેર કરવા માંગ્યું છે કે ઉપરોક્ત સૂચનાઓ અરજદારોના કેસમાં પૂર્વવર્તી અસરથી લાગુ કરી શકાય નહીં.

**૮.** પિટિશનોમાં જણાવ્યા મુજબ, અરજદારોએ પ્રશ્નવાળી જમીનો અલગ-અલગ સમયે પરંતુ ૩૦મી જૂન, ૨૦૧૫ થી ઘણી પહેલાં સહકારી મંડળીઓ પાસેથી ખરીદી હતી. પરંતુ, એન.એ. પરવાનગી માટેની તેમની અરજીઓ પર પ્રક્રિયા કરતી વખતે, સદર અધિનિયમની કલમ ૬૩એબી ના સંદર્ભમાં ૧૦% પ્રીમિયમ રકમ જમા કરાવવા માટે અરજદારોની સંમતિ લેવામાં આવી હતી અને ત્યારબાદ મામલતદાર દ્વારા તેમને નોટિસ આપવામાં આવી હતી અને અરજદારોએ આવી રકમ જમા કરાવી છે.

**૯.** બંધારણના અનુચ્છેદ ૨૨૬ અને ૨૨૭ હેઠળ દાખલ કરાયેલ છેલ્લી પિટિશનમાં (સ્પેશિયલ સિવિલ અપ્લિકેશન નં. ૧૩૭૮૯/૨૦૧૭), અરજદારોએ નીચે મુજબની અરજો કરી છે:-

(એ) શીર્ષકવાળી પિટિશન દાખલ કરવી અને મંજૂર કરવી;

(બી) સીબી/__/એનએ/ઓગણજ/એસ.નં. ૧૧૬૦/૧ વગેરે/ એસઆર-૬૪૪/૨૦૧૬ દ્વારા કલેક્ટર, અમદાવાદ દ્વારા પસાર કરાયેલા તારીખ ૨૦.૦૩.૨૦૧૭ ના હુકમને રદબાતલ અને બાતલ કરીને ઉત્પ્રેષણની રિટ (રીટ ઓફ સર્ટિઓરરી) અથવા અન્ય કોઈપણ રિટ/હુકમ અથવા નિર્દેશ જારી કરવો; ગુજરાત રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા જીએનટી-૩૦૨૦૧૩-૧૫૩૬-ઝેડ દ્વારા જારી કરાયેલ તારીખ ૧૭.૦૨.૨૦૧૭ ની વહીવટી સૂચનાઓને ધ્યાનમાં લીધા વિના બિન-ખેતી ઉપયોગની પરવાનગી આપવા માટે કલેક્ટરને નિર્દેશ આપવો;

(સી) ગુજરાત રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા જીએનટી-૩૦૨૦૧૩-૧૫૩૬-ઝેડ દ્વારા જારી કરાયેલ તારીખ ૧૭.૨.૨૦૧૭ ની વહીવટી સૂચનાઓને રદબાતલ અને બાતલ કરવી;

**વૈકલ્પિક રીતે**

જાહેર કરવું કે ગુજરાત રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા જીએનટી-૩૦૨૦૧૩-૧૫૩૬-ઝેડ દ્વારા જારી કરાયેલ તારીખ ૧૭.૦૨.૨૦૧૭ ની વહીવટી સૂચનાઓ ભવિષ્યલક્ષી રીતે લાગુ પડે છે અને તેથી તે અરજદારોના કેસને લાગુ પડશે નહીં;

(ડી) ન્યાયના હિતમાં યોગ્ય જણાય તેવી અન્ય કોઈપણ રાહત મંજૂર કરવી.

(ઇ) શીર્ષકવાળી પિટિશન પેન્ડિંગ રહેવા દરમિયાન, ગુજરાત રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા જીએનટી-૩૦૨૦૧૩-૧૫૩૬-ઝેડ દ્વારા જારી કરાયેલ તારીખ ૧૭.૦૨.૨૦૧૭ ની વહીવટી સૂચનાઓના અમલ પર સ્ટે મૂકવો.

**૧૦.** છેલ્લી પિટિશનમાં જણાવ્યા મુજબ, અરજદારો ખેડૂતો છે અને તેઓએ તારીખ ૨.૧૨.૨૦૧૦ ના રોજ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ દ્વારા એટલે કે જૂન ૨૦૧૫ પહેલાં સહકારી મંડળી પાસેથી પ્રશ્નવાળી જમીનો ખરીદી હતી. આ કેસમાં, મામલતદારે ૧૦% પ્રીમિયમ રકમની ચુકવણી પર અરજદારોની તરફેણમાં વેચાણ વ્યવહારને માન્ય રાખતા કલમ ૬૩એબી હેઠળ તપાસ હાથ ધરીને હુકમ પસાર કર્યો હતો અને આવા હુકમની નાયબ કલેક્ટર દ્વારા પુનઃવિચારણા (રિવ્યુ) કરવામાં આવી હતી અને તેને બહાલી આપવામાં આવી હતી.

**૧૧.** પ્રથમ પાંચ પિટિશનોમાં અરજદારો તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન વકીલ શ્રી શીતલ પટેલ અને છેલ્લી પિટિશનમાં અરજદારો તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન વકીલ સુશ્રી તૃષા પટેલે રજૂઆત કરી હતી કે અરજદારો ખેડૂતો હોવા છતાં, જેમની તરફેણમાં પ્રશ્નવાળી જમીનોના વેચાણ માટેના છેલ્લા વ્યવહારો તારીખ ૩૦.૬.૨૦૧૫ થી ઘણા પહેલાં થયા હતા, તેમ છતાં તારીખ ૧૭.૨.૨૦૧૭ ની વાદગ્રસ્ત સૂચનાઓ પર આધાર રાખીને અરજદારોને તેમની જમીનો માટે

એન.એ. પરવાનગી નકારવામાં આવી રહી છે. તેઓએ રજૂઆત કરી હતી કે સદર અધિનિયમની કલમ ૬૩એબી માં વપરાયેલા 'વ્યક્તિ' શબ્દને કાલ્પનિક અર્થ આપીને વાદગ્રસ્ત સૂચનાઓ જારી કરવામાં આવી છે જેના દ્વારા કલમ ૬૩એબી હેઠળ મળવાપાત્ર લાભો અને ખેડૂત તરીકે ખેતીની જમીન ધારણ કરવાનો અધિકાર છીનવી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેઓએ રજૂઆત કરી હતી કે જો તારીખ ૩૦.૬.૨૦૧૫ ના રોજ અથવા તે પહેલાં ખેડૂતની તરફેણમાં વેચાણનો છેલ્લો વ્યવહાર થયો હોય, તો તેને માન્ય ગણવાનો વિધાનમંડળનો સ્પષ્ટ ઈરાદો હોવા છતાં, તારીખ ૧૭.૨.૨૦૧૭ ની સૂચનાઓ સદર અધિનિયમની કલમ ૬૩એબી ની જોગવાઈઓના સંદર્ભથી વિરુદ્ધ 'વ્યક્તિ' શબ્દનો અર્થ લાગુ કરીને વિધાનમંડળની વિવેકબુદ્ધિને નિષ્ફળ બનાવશે. તેઓએ રજૂઆત કરી હતી કે સદર અધિનિયમમાં 'વ્યક્તિ' ની વ્યાખ્યા સમાવેશી છે અને તેથી, ખેડૂતની તરફેણમાં છેલ્લા વેચાણ વ્યવહાર પહેલાં જે વ્યક્તિની તરફેણમાં વેચાણ વ્યવહાર થયો હતો તે કાનૂની વ્યક્તિ હતી, તો પણ જો છેલ્લો વેચાણ વ્યવહાર તારીખ ૩૦.૬.૨૦૧૫ પહેલાં અને ખેડૂતની તરફેણમાં હોય તો કલમ ૬૩એબી હેઠળના લાભો હજુ પણ ઉપલબ્ધ રહેશે. તેઓએ રજૂઆત કરી હતી કે વૈધાનિક જોગવાઈઓ દ્વારા જે પ્રદાન કરવામાં આવ્યું છે તે સરકારના કોઈપણ વિભાગના કોઈપણ પરિપત્ર, ઠરાવ અથવા વહીવટી સૂચનાઓ દ્વારા છીનવી શકાય નહીં. તેઓએ રજૂઆત કરી હતી કે તારીખ ૧૭.૨.૨૦૧૭ ની વાદગ્રસ્ત સૂચનાઓ કલમ ૬૩એબી ની વૈધાનિક જોગવાઈઓના ઉલ્લંઘનમાં અને અલ્ટ્રા વાયર્સ (સત્તા બહારની) છે, અને ખેડૂત એવા અરજદારોની તરફેણમાં

થયેલા વેચાણ વ્યવહારોને અમાન્ય ગણવા અને તેમને એન.એ. પરવાનગી આપવાનો ઈનકાર કરવા માટે અરજદારો વિરુદ્ધ તેનો આધાર રાખી શકાય નહીં. તેઓએ રજૂઆત કરી હતી કે સદર અધિનિયમમાં કલમ ૬૩એબી નો ઉમેરો સદર અધિનિયમના ઈરાદા અને હેતુને અનુરૂપ છે, જે મુખ્યત્વે માત્ર ખેડૂત જ ખેતીની જમીન ધારણ કરી શકે તેની ખાતરી કરવાનો છે અને તેથી, વિધાનમંડળે તેની વિવેકબુદ્ધિમાં તારીખ ૩૦.૬.૨૦૧૫ ના રોજ અથવા તે પહેલાં થયેલા છેલ્લા વેચાણ વ્યવહારોને માન્ય રાખવાનું નક્કી કર્યું, જો તે ખેડૂતોની તરફેણમાં હોય. તેમની વધુ દલીલ એવી છે કે ખેડૂતો તરીકે, અરજદારોએ તારીખ ૩૦.૬.૨૦૧૫ પહેલાં પ્રશ્નવાળી જમીનો ખરીદી હોવાથી, સદર અધિનિયમની કલમ ૬૩એબી હેઠળ તેમના વ્યવહારોને માન્ય કરાવવાનો તેમનો હક તારીખ ૧૭.૨.૨૦૧૮ ની સૂચનાઓને પૂર્વવર્તી અસરથી લાગુ કરીને છીનવી શકાય નહીં. તેઓએ સદર અધિનિયમની સંબંધિત જોગવાઈઓ અને ધ ગુજરાત લેન્ડ રેવન્યુ રૂલ્સ, ૧૯૭૨ (ટૂંકમાં 'સદર નિયમો') તરફ કોર્ટનું ધ્યાન દોર્યું અને રજૂઆત કરી કે સદર અધિનિયમમાં 'વ્યક્તિ' શબ્દની વ્યાખ્યા સમાવેશી હોવાથી, સદર અધિનિયમની કલમ ૬૩એબી માં જે સંદર્ભમાં 'વ્યક્તિ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે સંદર્ભમાં તેનો અર્થ સમજવાનો રહે છે.

**૧૨.** પ્રથમ પાંચ પિટિશનોમાં ઉપસ્થિત વિદ્વાન મદદનીશ સરકારી વકીલ સુશ્રી નિશા ઠાકોર અને છેલ્લી બાબતમાં ઉપસ્થિત વિદ્વાન મદદનીશ સરકારી વકીલ સુશ્રી સંગીતા વિષેને રજૂઆત કરી હતી કે માત્ર વ્યક્તિગત ખેડૂતોને જ ખેતીની

જમીન ધારણ કરવાની મંજૂરી આપવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે સદર અધિનિયમના ઉદ્દેશ અને હેતુને આગળ વધારવા માટે કલમ ૬૩એબી ઉમેરવામાં આવી છે. તેઓએ રજૂઆત કરી હતી કે સદર અધિનિયમની કલમ ૬૩એબી માત્ર એવા વ્યવહારોને માન્ય કરવાની પરવાનગી આપે છે જે કુદરતી/વ્યક્તિગત મનુષ્યો વચ્ચેના હોય કે જેઓ બિન-ખેડૂત અને ખેડૂત હોય. તેઓએ રજૂઆત કરી હતી કે જે જમીન અંગે અગાઉનો વેચાણ વ્યવહાર કાનૂની વ્યક્તિ તરફથી વ્યક્તિગત ખેડૂતની તરફેણમાં થયો હતો તે જમીન માટેના કોઈપણ વ્યવહારને માન્ય રાખવા માટે સદર અધિનિયમની કલમ ૬૩એબી નો સહારો લઈ શકાતો નથી કારણ કે કલમ ૬૩એબી કાનૂની વ્યક્તિના લાભ માટે દાખલ કરવામાં આવી નથી. તેઓએ રજૂઆત કરી હતી કે સદર અધિનિયમની કલમ ૬૩ આદેશ આપે છે કે ખેડૂત ન હોય તેવી વ્યક્તિની તરફેણમાં કોઈપણ વેચાણ, તબદીલી, બક્ષિસ વગેરે માન્ય રહેશે નહીં, અને કાનૂની વ્યક્તિ ખેડૂત બની શકતી ન હોવાથી, સદર અધિનિયમની કલમ ૬૩એબી માં ઉપયોગ કરવામાં આવે ત્યારે 'વ્યક્તિ' શબ્દ વ્યક્તિગત માનવ હોવાનો સમાન અર્થ ધરાવશે, ખાસ કરીને જ્યારે કલમ ૬૩એબી માત્ર એવા જ વ્યવહારોને માન્ય કરવા માટે છે જે સદર અધિનિયમની કલમ ૬૩ ના ભંગમાં હતા. તેઓએ રજૂઆત કરી હતી કે જો સદર અધિનિયમ હેઠળ આવી વ્યક્તિની તરફેણમાં જમીનની તબદીલી અમાન્ય હોય તો સદર અધિનિયમ તે વ્યક્તિની સંક્ષિપ્ત બેદખલી અને આવી વ્યક્તિ પાસેથી જમીન રાજ્યમાં નિહિત કરવાની જોગવાઈ કરે છે અને તેથી, કલમ ૬૩એબી માં વપરાયેલા 'વ્યક્તિ' શબ્દમાં કંપની, સહકારી મંડળી વગેરે જેવી કાનૂની વ્યક્તિનો

